# 31

## નવસારી જીલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ

*15/4/2501 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલો તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૨૭૯૫ (અગ્રતા-૨૦) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|

(૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી, કરાંખટ, વાંસી તથા બોરસી ગામોમાં સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહેલ હોવા અંગેની મળેલ રજુઆત બાબતે સંબંધિત અધિકારીને જરૂરી જાણ કરી અહેવાલ મોકલી આપવા જણાવેલ તે અહેવાલ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ક્યારે મળેલ છે ,

(૧)

| **ગામનું નામ** | **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અહેવાલની વિગત** |
|---|---|
| કરાડી | કલેક્ટરશ્રી, નવસારીના તા. ૦૪/૦૩/૨૦૨૧ના પત્ર મુજબ તા.૧૦/૦૧/૨૦૨૦, તા.૦૬/૦૬/૨૦૨૦ તથા તા.૧૭/૧૨/૨૦૨૦ નાં પત્રથી અહેવાલ મળેલ છે. |
| કરાંખટ | કરાંખટ ગામમાં ગેરકાયદેસર ઝીંગા તળાવ આવેલ હોવાની રજુઆત અંગે ખાતા નં.૨૪૩ વાળી જમીનો રીઝર્વ જંગલ તરીકે ચાલી આવેલ હોય, નાયબ વન સંરક્ષકશ્રી, ઉત્તર વન વિભાગ, વલસાડને જરૂરી દબાણ દૂર કરવા તા.૦૩/૦૩/૨૦૨૧ નાં પત્રથી જણાવેલ છે. જે અન્વયે અહેવાલ મળેલ નથી. |
| વાંસી | નવસારી જીલ્લાનાં જલાલપોર તાલુકાનાં વાંસી તથા બોરસી ગામો અંગે પ્રાંત અધિકારીશ્રી નવસારીએ તા.૧૯/૦૫/૨૦૨૧ થી અહેવાલ મોકલેલ છે. |
| બોરસી | |

(૨) ઉક્ત સ્થિતિએ અહેવાલ મુજબ કેટલી જમીનમાં ગેરકાયદેસર ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યાનું સામે આવ્યું ,

(૨)

| **ગામનું નામ** | **કેટલી જમીનમાં ગેરકાયદેસર ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યાનું સામે આવ્યું તેની વિગત** |
|---|---|
| કરાડી | મોજે.કરાડી, તા.જલાલપોરનાં નવો બ્લોક નં.૭૦૬ (જુનો બ્લોક નં.૬૬૨) વાળી જમીન અંગે સરકારી રાહે માપણી કરવામાં આવેલ છે. તથા સદર માપણીને MPEDA નાં માસ્ટર મેપીંગ તથા CRZ નાં નકશા સાથે સુપર ઇમ્પોઝ કરવા નિયામકશ્રી ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટીને જણાવેલ છે. જે અંગેનો અહેવાલ મળેલ નથી. |
| કરાંખટ | ક્રમ(૧) મુજબ નાયબ વન સંરક્ષકશ્રી, ઉત્તર વન વિભાગ તરફથી અહેવાલ મળેલ નથી. |

| | |
|---|---|
| વાંસી<br>બોરસી | અરજદારશ્રી દ્વારા ગેરકાયદેસર તળાવો વાંસી કે બોરસી કયા ગામે તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ ન હોય કે કોઈ વિગતવાર દસ્તાવેજી પુરાવાઓ સામેલ કરેલ ન હોય, વિગતવાર દસ્તાવેજી પુરાવાઓ મળ્યેથી DILRશ્રી દ્વારા માપણી થયા બાદ જમીન કેટલી છે તે જાણી શકાય તેમ છે. |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી, અને

(૩)

| **ગામનું નામ** | **ઉક્ત સ્થિતિએ જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી તેની વિગત** |
|---|---|
| કરાડી | ૫૫ લીઝ હોલ્ડરોને ઝીંગા ઉછેર પ્રવૃતિ બંધ કરવા નોટીશ આપવામાં આવેલ છે. |
| કરાંખટ<br>વાંસી<br>બોરસી | ક્રમ(૨) ની સ્થિતિએ પ્રશ્ન નથી. |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવાનું છે, તે ક્યાં સુધી કરવામાં આવશે?

(૪)

| **ગામનું નામ** | **ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવાનું છે, તે ક્યાં સુધી કરવામાં આવશે તેની વિગત** |
|---|---|
| કરાડી | નિયામકશ્રી ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટી પાસેથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવનાર છે. |
| કરાંખટ | કરાંખટ ગામની પ્રશ્નવાળી જમીન રીઝર્વ જંગલ તરીકે ચાલતી હોય, દબાણ દૂર કરવાની જવાબદારી ફોરેસ્ટ વિભાગની બનતી હોઈ, નાયબ વન સંરક્ષકશ્રી, ઉત્તર વન વિભાગ, વલસાડને જરૂરી દબાણ દૂર કરવા તા.૦૩/૦૩/૨૦૨૧ નાં પત્રથી જણાવેલ છે |
| વાંસી<br>બોરસી | અહેવાલ મુજબ અરજદારશ્રી દ્વારા ગેરકાયદેસર તળાવો વાંસી કે બોરસી કયા ગામે તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ ન હોય કે કોઈ વિગતવાર દસ્તાવેજી પુરાવાઓ સામેલ કરેલ ન હોય, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ મળ્યેથી માપણી કર્યા બાદ આગળની કાર્યવાહી થઈ શકે તેમ હોય કલેક્ટરશ્રી,નવસારીની કચેરીનાં તા.૦૧/૦૬/૨૦૨૧ નાં પત્રથી અરજદારશ્રીને જાણ કરવામાં આવેલ. જે અન્વયે પ્રત્યુત્તર મળ્યા બાદ આગળની કાર્યવાહી થઈ શકે તેમ છે. |

----------